સર્વોદય કોમર્શિયલ કો. ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા



૫૧ મો વાર્ષિક અહેવાલ ૨૦૨૩-૨૪

હેડ ઓફિસ

સર્વોદય બેન્ક રોડ, ભમરીયા નાળા પાસે, મહેસાણા-૩૮૪૦૦૨ (ઉ.ગુજ.)

ફોન : (૦૨૭૬૨) ૨૩૧૬૦૩

E-mail : info@sccbank.in

Web. : www.sccbank.in

નોંધણી નં. સે. ૧૫૭૯, તા. ૧૦-૦૪-૧૯૭૪

RBI Licence No. UBD GJ 800P 23-12-1986

ઓડિટ વર્ગ - અ

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ.

મહેસાણા

BOARD OF DIRECTORS 2023-2024

CHAIRMAN



શ્રી જયેશકુમાર
બી. શાહ

VICE-CHAIRMAN



શ્રી હિરેનકુમાર
વી. પટવા

DIRECTOR



શ્રી જશવંતકુમાર
એસ. શાહ

DIRECTOR



શ્રી રાકેશકુમાર
જે. દોશી

DIRECTOR



શ્રી દર્શનકુમાર
એસ. પરીખ

DIRECTOR



શ્રી કેતનભાઈ
આર. શાહ

DIRECTOR



શ્રી ભરતકુમાર
આર. શાહ

DIRECTOR



શ્રી નિલેશકુમાર
આર. હરડે

DIRECTOR



શ્રી ઉદયકુમાર
એન. શાહ

DIRECTOR



શ્રી ઈન્દ્રવદનભાઈ
બી. શાહ

DIRECTOR



શ્રી દિલીપકુમાર
બી. ઓઝા

DIRECTOR



શ્રી રૂપેશભાઈ
એસ. શાહ

DIRECTOR



શ્રીમતી વૃષ્ટીબેન
આર. શાહ

DIRECTOR



શ્રીમતી અરૂણાબેન
સી. શાહ

DIRECTOR



શ્રી રામુભાઈ
બી. પરમાર

PRO.DIRECTOR



શ્રી મેહલભાઈ
એચ. દોશી

PRO.DIRECTOR



શ્રી જયેશભાઈ
કે. શાહ

GEN.MANAGER



શ્રી વિનોદકુમાર
એસ. શાહ

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ. મહેસાણા

સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ માટે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી જયેશકુમાર ભાઈલાલભાઈ શાહ
ચેરમેનશ્રી

શ્રી હિરેનકુમાર વિનોદચંદ્ર પટવા
વાઈસ ચેરમેનશ્રી

શ્રી જશવંતકુમાર સોમચંદભાઈ શાહ
ડિરેક્ટરશ્રી

શ્રી રાકેશકુમાર જયેન્દ્રભાઈ દોશી
ડિરેક્ટરશ્રી

શ્રી દર્શનકુમાર સુરેન્દ્રભાઈ પરીખ
ડિરેક્ટરશ્રી

શ્રી કેતનકુમાર રસિકલાલ શાહ
ડિરેક્ટરશ્રી

શ્રી ભરતકુમાર રસીકલાલ શાહ
ડિરેક્ટરશ્રી

શ્રી નિલેષકુમાર રજનીકાન્ત હરડે
ડિરેક્ટરશ્રી

શ્રી ઉદયકુમાર નવીનચંદ્ર શાહ
ડિરેક્ટરશ્રી

શ્રી ઈન્દ્રવદનભાઈ ભોગીલાલ શાહ
ડિરેક્ટરશ્રી

શ્રી દિલીપકુમાર ભુરાભાઈ ઓઝા
ડિરેક્ટરશ્રી

શ્રી રૂપેશભાઈ સુરેશચંદ્ર શાહ
ડિરેક્ટરશ્રી

શ્રીમતી તૃપ્તીબેન રાકેશકુમાર શાહ
ડિરેક્ટરશ્રી

શ્રીમતી અરૂણાબેન ચેતનકુમાર શાહ
ડિરેક્ટરશ્રી

શ્રી રામુભાઈ બોથાભાઈ પરમાર
ડિરેક્ટરશ્રી

શ્રી મેહલભાઈ હસમુખભાઈ દોશી
પ્રો. ડિરેક્ટરશ્રી

શ્રી જયેશભાઈ કોદરભાઈ શાહ
પ્રો. ડિરેક્ટરશ્રી

બોર્ડ ઓફ મેનેજમેન્ટ

શ્રી રાકેશકુમાર જયેન્દ્રભાઈ દોશી
ચેરમેનશ્રી

શ્રી જયેશકુમાર ભાઈલાલભાઈ શાહ
સભ્યશ્રી

શ્રી ઉદયભાઈ નવીનચંદ્ર શાહ
સભ્યશ્રી

શ્રી ચિનુભાઈ મંગળદાસ નાણાવટી
સભ્યશ્રી

શ્રી વિવેકભાઈ રજનીકાન્ત શાહ
સભ્યશ્રી

શ્રી યતીનભાઈ પ્રમોદભાઈ શાહ
સભ્યશ્રી

શ્રી સુકેતુભાઈ અશોકભાઈ શાહ
સભ્યશ્રી

બેન્કના અધિકારીશ્રી

શ્રી વિનોદકુમાર એસ. શાહ
જનરલ મેનેજર

શ્રી સેવંતીભાઈ કે. સોની
આસી. જનરલ મેનેજર

શ્રી નિરાગભાઈ જે. શાહ
આસી. જનરલ મેનેજર

શ્રી મીતાંગભાઈ જે. શાહ
આસી. જનરલ મેનેજર

સેવિંગ્સ ખાતા ઉપરના વ્યાજના દર

વિગત	વ્યાજનો દર
સેવિંગ્સ ખાતામાં વ્યાજનો દર	૩.૦૦%

બાંધી મુદત થાપણ ઉપરના વ્યાજના દર

સમય (મુદત)	વ્યાજનો દર
૦૭ દિવસથી ૨૯ દિવસ સુધી	૩.૨૫ %
૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી	૪.૦૦ %
૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી	૪.૫૦ %
૧૮૧ દિવસથી ૧૨ માસ સુધી	૬.૦૦ %
૧૨ માસથી વધુ ૩૬ માસ સુધી	૭.૨૫ %
૩૬ માસ થી વધુ ૪૮ માસ સુધી	૭.૫૦ %
૪૮ માસ થી વધુ ૧૨૦ માસ સુધી	૬.૫૦ %

સીનીયર સીટીઝનને ૦.૫૦% તેમજ સુપર સીનીયર સીટીઝનને (૮૦ વર્ષ થી વધુ ઉંમર) ૦.૭૫% વધુ વ્યાજ આપવામાં આવશે.
તેમજ રૂા. ૨૫ લાખ થી વધુ એકી સાથે ડીપોઝીટ મૂકનારને ૦.૨૫ % તથા ટ્રસ્ટને ૦.૫૦ % વધુ વ્યાજ આપવામાં આવશે.

બાંધી મુદતની થાપણની રકમના ૯૦ % સુધી ધિરાણની સગવડ

ધિરાણ પરના વ્યાજના દરો

ક્રમ	ધિરાણનો પ્રકાર		વ્યાજ દર
૧	શૈક્ષણિક લોન		૯.૫૦ % થી ૧૦.૫૦%*
૨	એન. એસ. સી./કે. વી. પી./એલ. આઈ. સી. પોલીસી		૯.૫૦ % થી ૧૦.૦૦%
૩	ગોલ્ડ લોન		૧૦.૦૦%
૪	વ્હીકલ લોન		
	ફોર વ્હીલ નવિન કાર		૮.૨૫ % થી ૯.૦૦ %*
	ટુ વ્હીકલ		૧૨.૦૦%
	કોમર્શિયલ વ્હીકલ / ટ્રાન્સપોર્ટ ઓપરેટર્સ		૧૦.૦૦%
૫	હાઉસીંગ લોન / રહેણાંકનું મકાન (શરતોને આધિન)		૯.૨૫ % થી ૧૧.૨૫%
૬	ટર્મલોન વ્યક્તિગત		૧૦.૦૦% થી ૧૧.૫૦%
૭	ટર્મ લોન ધંધાકીય MSME		૮.૫૦ % થી ૧૦.૦૦%*
૮	હાઈપોથીકેશન (વાર્ષિક રીન્યુઅલ)		૯.૦૦% થી ૧૦.૦૦%*
૯	પ્લેજ ધિરાણ		૧૦.૦૦% થી ૧૦.૫૦%
૧૦	રીયલ એસ્ટેટ ધિરાણ		૧૩.૦૦% થી ૧૩.૫૦%
૧૧	ડોક્ટર્સ સ્કીમ		૯.૫૦% થી ૧૦.૦૦%
૧૨	સર્વોદય પર્સનલ લોન યોજના		૧૨.૦૦%
૧૩	સર્વોદય સામાન્ય સભાસદ માટે ક્લીન લોન / ઓવરડ્રાફ્ટ રૂા. ૫ લાખ સુધી		૯.૫૦ % થી ૧૦.૫૦%*
૧૪	મશીનરી લોન (હાઈપોથીકેશન)		૯.૫૦ % થી ૧૦.૫૦%*
૧૫	બેંકની ફીક્સ ડીપોઝીટ રસીદ સામે ધિરાણ	FD રેટથી	૦.૭૫% થી ૧.૦૦% વધારે
૧૬	સોલાર પાવર સિસ્ટમ ધિરાણ		૯.૫૦ % થી ૧૦.૫૦ %

નોંધ : અન્ય વિવિધ ધિરાણ યોજનાઓ માટે શાખાનો સંપર્ક કરવા વિનંતી.

સર્વોદય રીકરીંગ યોજના

માસિક હપ્તાની રકમ	પાકતી મુદતે મળતી રકમ				
	૧૨	૨૪	૩૬	૪૮	૬૦
૧૦૦/-	૧૨૪૦/-	૨૫૮૯/-	૪૦૩૦/-	૫૬૦૭/-	૭૦૯૯/-

ચેરમેનશ્રીનું નિવેદન



આજના સાંપ્રત સમયમાં સમગ્ર વિશ્વ જ્યારે આર્થિક રીતે જટિલ અને અસ્થિર પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે ત્યારે ભારત એક મજબુત અને વૃદ્ધિ પામતી વ્યવસ્થા તરીકે ઉભરી રહ્યું છે અને આ વિકાસના કારણો તરફ નજર કરીએ તો I.T. ક્ષેત્રનો વિકાસ, સેવા ક્ષેત્રોનો વધતો વ્યાપ, ખેત પેદાશોનું વધતુ ઉત્પાદન, Make in India દ્વારા ઔદ્યોગિક વિકાસ, ભારતનું સૌથી મોટુ સ્થાનિક બજાર, વિકસીત થતો મધ્યમ વર્ગ અને સૌથી મહત્ત્વનું યુવા વર્ગ.

આ પરિબળો દ્વારા ભારત એક મજબૂત $5.00 Trillion ની અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે બેંકીંગ ક્ષેત્રનો ભારતના વિકાસમાં મહત્ત્વપૂર્ણ હિસ્સો અવશ્ય રહેશે અને તેવીજ રીતે બેંકીંગ ક્ષેત્રનો પણ વિકાસ અભૂતપૂર્વ હશે.

વ્હાલા સભાસદ ભાઈઓ અને બહેનો,

સાદર પ્રણામ

વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષનાં વાર્ષિક હિસાબ અને વૈધાનિક ઓડિટ રીપોર્ટ સાથે બેન્કની પ્રગતિનો ૫૧મો વાર્ષિક અહેવાલ આપ સમક્ષ રજૂ કરતા તથા આપ સહુને બેન્કની વાર્ષિક સાધારણ સભામાં આવકારતા અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

મારા તથા મારા સાથી ડાયરેકટર મિત્રો માટે આ વર્ષ ગૌરવનું વર્ષ કહી શકાય કારણ કે આપણી બેન્કે હમણા જ બેંકના ગૌરવ પુર્ણ ૫૦ વર્ષ પુર્ણ થયાની ઉજવણી કરી અને ૫૧માં વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો. સુવર્ણ વર્ષના સાક્ષી બન્યા તે બદલ અમે સૌ ખુબ જ આનંદની લાગણી અનુભવીએ છીએ. સર્વોદય કોમર્શિયલ કો ઓપરેટીવ બેંક લી. મહેસાણા છેલ્લા ૫૦ વર્ષથી સતત નફો કરતી અને ડીવિડન્ડ આપતી ગુજરાતની સહકારી બેન્કોમાં અગ્રેસર રહી છે જે બાબત સૌના માટે ખુબ જ ગૌરવની વાત છે.

છેલ્લા ૫૦ વર્ષના સંસ્મરણો યાદ કરીએ તો પાંજળાપોળના એક ભાડાના મકાનમાં ચાલુ થયેલી આપણી બેંક હાલમાં ગુજરાતના ૫ જિલ્લાઓમાં ૧૭ શાખાઓ સાથે કાર્યરત છે અને આપણી બેંકનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજ્ય છે. આમ આપણી બેંકે ગુજરાતમાં પોતાનુ આગવુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. વર્ષ ૧૯૭૪માં રૂા. ૫૫,૦૦૦/-ના શેર કેપીટલ ધરાવતી આપણી બેંકનું હાલનું શેર કેપીટલ રૂા. ૧૪.૪૫ કરોડ જેટલું છે. કોઈ પણ બેંકની સદ્ધરતાનો તેના રીઝર્વ ફંડ ઉપરથી ખ્યાલ આવી શકે છે. આપણી બેંકનું રીઝર્વ ફંડ વર્ષ ૧૯૮૦-૮૧માં ૩ લાખ રૂપિયા હતુ જે હાલમાં ૧૫૯ કરોડ જેટલું છે જે આપણી બેંકની સદ્ધરતા દર્શાવે છે. આપણી બેંકની કુલ ડીપોઝીટ રૂા. ૧૧૮૬.૬૪ કરોડ છે અને ધિરાણ રૂા. ૭૩૫.૫૬ કરોડ છે જે ગ્રાહકોનો આપણા પ્રત્યેનો અતુટ વિશ્વાસ દર્શાવે છે. બેંકનો ગ્રોસ નફો રૂા. ૨૪ કરોડ જેટલો છે. કોઈ પણ બેંકના ધિરાણની ગુણવત્તાનો ખ્યાલ તેના NPA ઉપરથી આવે છે. અમે જણાવતા આનંદની લાગણી અનુભવીએ છીએ કે આપણી બેંકનું ગ્રોસ NPA 1% થી પણ નીચે છે અને બેંકનું નેટ NPA 0% છે. આ માટે હું બેંકના દરેક શાખા મેનેજર, લોન મેનેજર, જનરલ મેનેજર, આસી. જનરલ મેનેજર, રીકવરી મેનેજરને અભિનંદન આપુ છું અને ગ્રાહકોનો પણ નિયમીતતા દાખવવા બદલ આભાર વ્યક્ત કરુ છું.

બેન્કે જેમ પોતાના આર્થિક આંકડાઓનું ધ્યાન રાખેલ છે તેમ ગ્રાહક લક્ષી સેવાઓનું પણ ધ્યાન રાખવામાં આવેલ છે. હાલના સમયમાં બેન્કીંગ સતત બદલાઈ રહ્યું છે. બેન્કીંગ ટેકનોલોજી પણ ઝડપથી બદલાઈ રહી છે. પ્રાઈવેટ બેન્ક, શિડ્યુલ્ડ બેન્ક, ફીનટેક કમ્પનીઓ ખુબજ ઝડપથી નવી ટેકનોલોજી લાવી રહી છે અને ગ્રાહકને તેનો લાભ આપી રહી છે. ત્યારે આ બદલાતા સમયમાં કદમથી કદમ મિલાવવા આપણી બેંક પણ એડવાન્સ ટેકનોલોજી અને સુરક્ષા સાથે સેવા અપાય તે રીતે IT ક્ષેત્રે કામગીરી કરી રહી છે. ગ્રાહકોને સારી અને ઝડપી સેવા આપવા આપણી બેંકે પોતાનું IT Infrastructure ઓન પ્રિમ મોડલ ઉપરથી ક્લાઉડ બેઝ સર્વિસમાં તબદલી કરેલ છે. આપણી બેંકના ગ્રાહકોને વધુ સારી સેવા આપવા બેંકની મોબાઈલ એપ્લીકેશનની સેવાઓ પણ અપગ્રેડ કરવામાં આવી છે. આપણી બેંકના ગ્રાહકો મોબાઈલ એપ્લીકેશનની મદદથી બેંકમાં આવ્યા વગર મોબાઈલ ચેનલનો ઉપયોગ કરી રૂા. ૨૫,૦૦,૦૦૦/- સુધીનું NEFT કરી શકે છે.

આપણી બેંકના ગ્રાહકો માટે IMPS ની લીમીટ બે લાખ રૂપિયાથી વધારીને રૂા.૫,૦૦,૦૦૦/- સુધીની કરવામાં આવેલી છે. બેંકના ગ્રાહકો મોબાઈલ ચેનલથી ફીક્સ ડીપોઝીટ પણ બનાવી શકે છે. બેંકના ગ્રાહકોને ભારતનુ પોતાનુ ડોમેસ્ટીક કાર્ડ એટલે કે RuPay ડેબીટ કાર્ડ પણ ઈશ્યુ કરવામાં આવે છે જેના મારફતે ગ્રાહક ATM, PoS, E-com. જેવી સર્વિસનો લાભ લઈ શકે છે. ગ્રાહકો તેમની પાસબુક તેમના સમય અને અનુકૂળતાએ કોઈ પણ જાતના વિલંબ વગર અપડેટ કરાવી શકે તે માટે બેન્કમાં પાસબુક પ્રિન્ટીંગ કીઓસ્ક મશીન મુકવામાં આવેલા છે. આપણી બેંકના ગ્રાહકો માટે IVR સેવા પણ ચાલુ કરવામાં આવેલી છે. ગ્રાહકો માટે SMS ચેનલથી Re-KYCની સગવડ પણ ચાલુ કરવામાં આવેલી છે.

વધુમાં સરળ અને ઝડપી ધિરાણ ફેસેલીટી ગ્રાહકોને આપી શકાય તે હેતુથી Credit Appraisal Module અપનાવી રહી છે. ગ્રાહકોને 24x7 સેવાઓ આપવા RTGS/NEFTની સેવાઓ આપવા પણ બેન્ક પ્રયત્નશીલ છે.

આપણી બેંકની આર્થિક સદ્ધરતાના આંકડા નીચે મુજબ છે જેનાથી આપને બેંકની સદ્ધરતાનો અને આપણે બેંકમાં મુકેલ અતુટ વિશ્વાસનો અંદાજ આવી શકે.

(રકમ કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૨૨-૨૩	૨૦૨૩-૨૪	વધારો/ઘટાડો
(૧)	શેર કેપીટલ	૯.૩૦	૧૪.૪૬	(+) ૫૫.૪૮ %
(૨)	કુલ રિઝર્વ તથા ફંડ	૧૪૨.૭૨	૧૫૮.૭૬	(+) ૧૧.૨૪ %
(૩)	ડિપોઝિટ	૧૦૮૪.૦૫	૧૧૮૬.૬૪	(+) ૯.૪૬ %
(૪)	ધિરાણ	૬૭૬.૨૪	૭૩૫.૫૬	(+) ૮.૭૭ %
(૫)	નેટ નફો	૧૭.૧૩	૧૭.૮૪	(+) ૪.૧૪ %
(૬)	સી.ડી. રેશીયો	૬૨.૩૮ %	૬૧.૯૯ %	(–) ૦.૬૩ %
(૭)	સી.આર.એ.આર.	૧૮.૧૮%	૧૯.૩૦%	(+) ૬.૧૬ %
(૮)	ગ્રોસ એન.પી.એ.	૩.૭૦ %	૦.૯૭ %	(–) ૭૩.૭૮ %
(૯)	નેટ એન.પી.એ.	૦.૦૦ %	૦.૦૦%	૦.૦૦ %

હાલનો સમય ડીઝીટલ યુગનો છે તેની સાથે સાથે નવા પડકારો પણ ઉભા થઈ રહ્યા છે તેમાંનો એક પડકાર સાઈબર ક્રાઈમ પણ છે. સદર પડકારોને ધ્યાનમાં લઈને RBIની ગાઈડલાઈન્સ મુજબ બેંક સાઈબર સિક્યોરીટી ક્ષેત્રે ગંભીરતાથી ધ્યાન આપી રહી છે અને તેને અનુલક્ષીને બેંકની સાઈબર સુરક્ષા ક્ષેત્રે પણ રોકાણ કરી રહી છે અને તેને લગતી જરૂરી ટેક્નોલોજી પણ અપનાવી રહી છે અને જરૂરી ઓડીટ પણ કરાવી રહી છે. ગ્રાહકોને સાઈબર ખતરાથી બચાવવા જાગૃતિ માટેના અને ટ્રાંજેકશનના SMS મોકલી રહી છે અને E-mail એલર્ટ પણ મોકલી રહી છે. ઓનલાઈ ફ્રોડથી બચવા માટે SMS મારફતે, મોબાઈલ એપ્લીકેશન મારફતે અને IVR Service મારફતે સેવાઓ બ્લોક કરવાની ફેસેલીટી પણ આપી રહી છે.

આજના મોંઘવારીના અને ફાસ્ટ સમયમાં જો કોઈ આકસ્મિક જવાબદારી આવી પડે દરેક વ્યક્તિઓને તે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. બેંક સામાજીક જવાબદારીના ભાગ રૂપે ગ્રાહકોના પડખે ઉભા રહેવાના ઉદ્દેશથી ગ્રાહકોનો પાંચ લાખનો અકસ્માતનો વીમો ઉતરાવેલ છે. જો તે ગ્રાહક સભાસદ હોય તો અલગથી બીજો પાંચ લાખનો વીમો એમ કુલ ૧૦ લાખના વીમાનો લાભ આપેલ છે જેનુ પ્રિમિયમ ખાતેદાર પાસેથી નહી વસુલતા બેંક દ્વારા ભરવામાં આવેલ છે.

અંતમાં બેંકની સુવર્ણ જ્યંતી વર્ષની શુભેચ્છા સાથે અનુભવી નિયામક મંડળ, બેંકનુ ટોપ મેનેજમેન્ટ, કર્મચારીગણના નિષ્ઠાવાન પ્રયત્નોથી બેંક આવનારા વર્ષોમાં પ્રગતિના નવા સોપાનો સર કરશે તેવી મને દ્રઢ આશા છે. બેંકના સભાસદો અને ગ્રાહકોએ અમારા બોર્ડ ઉપર મૂકેલા વિશ્વાસને સાર્થક કરવા અમે કટીબદ્ધ છીએ. બેંક આવનારા વર્ષોમાં પ્રગતિના નવા સોપાન પ્રાપ્ત કરશે તેવી મને દ્રઢ આશા છે.

અંતે, વાઈસ ચેરમેનશ્રી હિરેનભાઈ પટવા, BOM ના ચેરમેનશ્રી રાકેશભાઈ દોશી, મારા બોર્ડના સાથી મિત્રો, અનુભવી મેનેજર ટીમ, કર્મચારી ગણ, સભાસદ ગણ અને નામી-અનામી મારા મિત્રોનો બેંક સંચાલનમાં સહકાર આપવા બદલ આપ સહુનો કૃતજ્ઞતાપૂર્વક આભાર માનુ છું.

જ્યોશ બી. શાહ
ચેરમેન

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

સર્વોદય બેન્ક રોડ, મહેસાણા - ૩૮૪ ૦૦૨ (ઉ.ગુ.)

આથી બેન્કના તમામ સભાસદ ભાઈ-બહેનોને જણાવવામાં આવે છે કે આપણી બેન્કની **એકાવનમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૯/૦૭/૨૦૨૪ ને શુક્રવાર** સાંજના ૪-૦૦ કલાકે સર્વોદય કોમર્શિયલ કો.ઓપરેટીવ બેન્ક લી., મહાત્મા ગાંધી બાગ શાખા, સોમનાથ ચોક, મહેસાણા ખાતે નીચે દર્શાવેલ કામ માટે મળશે. સભાસદશ્રીએ સાધારણ સભામાં આવતી વખતે બેન્ક દ્વારા આપેલ પોતાનું ઓળખકાર્ડ સાથે લાવવાનું રહેશે.

કાર્યસૂચિ

(૧) તા. ૨૭-૦૯-૨૦૨૩ ના રોજ મળેલ સાધારણ સભા અને તા. ૦૪-૦૫-૨૦૨૪ના રોજ મળેલ ખાસ સાધારણ સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબતે.

(૨) તા. ૩૧-૦૩-૨૦૨૪ ના રોજ પૂરા થતા વર્ષના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે રજૂ કરેલ અહેવાલ, નફા-તોટાનો હિસાબ તથા સરવૈયું મંજૂર કરવા અને વર્ષ દરમ્યાન બોર્ડ ઓફ ડિરેક્ટર્સે કરેલ કામકાજને બહાલી આપવા બાબતે.

(૩) બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ભલામણ પ્રમાણે નફાની વહેંચણી કરવા તેમજ ડિવિડન્ડ બાબતે.

(૪) સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષનો ઓડીટ રીપોર્ટ વંચાણે લઈ મંજૂર કરવા બાબત.

(૫) સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટે ઓડીટર શ્રીની નિમણુંક બાબતે રીઝર્વ બેંકની પરમીશનને આધિન બહાલી આપવા બાબતે.

(૬) જામી ગયેલ મુદતવીતી બાકી લ્હેણાં અને એન.પી.એ. થયેલ ખાતાઓમાં સમાધાન અને માંડવાળ કમિટીએ સમાધાન કરેલ ખાતાઓને બહાલી આપવા બાબત.

(૭) બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ભલામણ કર્યા મુજબ સભાસદશ્રીઓને સરકારશ્રીના તા. ૨૨-૦૫-૨૦૦૭ના પરિપત્રમાં દર્શાવેલ રૂા. ૭૫૦/- સુધીની રકમની મર્યાદામાં ચાંદીની મુદ્રા ભેટ આપવા બાબત.

(૮) પેટા-નિયમમાં સુધારા-વધારા કરવા બાબતે.

(૯) પ્રમુખસ્થાનેથી તેમજ તેમની મંજૂરીથી અન્ય જે કામો રજૂ થાય તે ઉપર વિચારણા કરવા બાબતે.

મહેસાણા
તારીખ : ૦૪-૦૭-૨૦૨૪

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી
શ્રી વિનોદકુમાર એસ. શાહ
જનરલ મેનેજર

નોંધ : (૧) બેંકની સભા મળવાના વખતથી અડધા કલાક સુધીમાં સભાનું કોરમ નહીં થાય તો જે હાજર સભાસદોની સંખ્યા હોય તેને કોરમ ગણી સભાનું કામકાજ ચાલુ કરવામાં આવશે.

(૨) અહેવાલમાં આપેલ વિગતો અગર હિસાબો સંબંધી કોઈપણ સ્પષ્ટતાની જરૂર હોય તો તા. ૧૦-૦૭-૨૦૨૪ ને બુધવાર સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં જનરલ મેનેજરશ્રીને લેખિતમાં જાણ કરવી. આવી જાણ થયેથી સામાન્ય સભામાં નિયમ અનુસાર આપી શકાય એવી સ્પષ્ટતા કે માહિતી આપવામાં આવશે.

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ વતી બેંકના ૫૧મા વાર્ષિક અહેવાલની રજૂઆત

માનવંતા સભાસદો,

❖ **શેર ભંડોળ :**

રૂા. ૧૫.૦૦ કરોડના અધિકૃત ભંડોળ સામે કુલ ભરપાઈ શેર ભંડોળ રૂા. ૧૨.૪૯ કરોડનું થયું છે.

દરેક વર્તમાન સભાસદને રૂા. ૧૦,૦૦૦/- સુધીની રકમનાં રૂા. ૨૫/-ના એક એવાં ૪૦૦ શેર સુધી આપવાનું ઠરાવેલ છે. જે સભાસદશ્રીઓને રૂા. ૧૦,૦૦૦ની મર્યાદામાં ખૂટતા શેર્સ લેવા ઈચ્છતા હોય તેઓ એ બેંકની મહેસાણામાં હેડ ઓફિસ અને અમદાવાદમાં પાલડી શાખાનો સંપર્ક કરવો.

❖ **પરપેચ્યુઅલ નોન ક્યુમ્યુલેટીવ પ્રેફરન્સ શેર :**

રૂા. ૫.૦૦ કરોડના અધિકૃત ભંડોળ સામે કુલ ભરપાઈ થયેલ ભંડોળ રૂા. ૧.૯૬ કરોડનું થયું છે.

❖ **અનામત તથા અન્ય ભંડોળ :**

૨૦૨૩-૨૪ના વર્ષના અંતે બેંકના અનામત તથા અન્ય ભંડોળની રકમ રૂા. ૧૫૮.૭૬ કરોડની છે.

❖ **ડિપોઝીટ ઈન્સ્યુરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશન** (D.I.C.G.C.I) **હેઠળના વીમાકવચ અંગે :**

સને ૧૯૬૮થી સહકારી બેંકોને આ યોજનામાં સમાવવામાં આવી છે. આજ પર્યન્ત બેંકે નિયમિત રીતે પ્રીમિયમ ભર્યું છે. ચાલુ વર્ષે પણ બેન્કે તા. ૩૦-૦૯-૨૦૨૪ એટલે કે છ માસ સુધીનું રૂા. ૮૪.૨૪ લાખનું પ્રીમિયમ ભર્યું છે. જે થાપણદારોનું રૂા. ૫/- લાખ સુધીની થાપણનું રીસ્ક કવર કરે છે.

❖ **કાર્યકારી ભંડોળ :**

૨૦૨૨-૨૩ ના વર્ષના અંતે કાર્યકારી ભંડોળ રૂા. ૧૨૬૫.૮૧ કરોડ હતું. તે વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષના અંતે રૂા. ૧૩૮૭.૫૪ કરોડ થયું છે.

❖ **નફો :**

બચત ખાતા તેમજ બાંધી મુદતની થાપણો ઉપર વધુ વ્યાજ ચૂકવવાથી, વ્યાજ ખર્ચ વધવા છતાં અને ન્યૂનતમ ચાર્જીસ હોવા છતાં બેંકની નફા શક્તિ જળવાઈ રહી છે. **ગત વર્ષના ઈન્કમ ટેક્ષ ભર્યા પહેલાનો નફો રૂા. ૨૩.૧૧ કરોડની સામે આ વર્ષે રૂા. ૨૩.૯૯ કરોડનો નફો કરેલ છે.**

❖ **વસુલાત :**

બેંકની લ્હેણી રકમ વસુલ કરવા માટે વસુલાતના કડક કાયદાઓનો અમલ કરવો ન પડે તેના માટે સભાસદો / ગ્રાહકોને નમ્ર વિનંતી કે તેઓ પોતાની ફરજ સમજી બેંકની લ્હેણી રકમ તથા વ્યાજ સમયસર ભરી તેમજ ધિરાણ ખાતાના વ્યવહારો નિયમિત રાખી પોતાની તથા બેંકની પ્રતિષ્ઠા જળવાઈ રહે તે અંગે સહકાર આપી મદદરૂપ થશો.

❖ **ડિવિડન્ડ તથા ભેટ :**

સહકારી કાયદા અનુસાર વર્ષાન્તે આપવાપાત્ર ડિવિડન્ડની મર્યાદાને અનુલક્ષીને બેન્કના સુવર્ણજયંતિ વર્ષ નિમિત્તે વર્ષ ૨૦૨૩-૨૪ માટે બોર્ડ ઓફ ડીરેક્ટર્સ બેન્કના સામાન્ય સભાસદોને ૨૦% લેખે ડિવિડન્ડ તેમજ PNCPS સભાસદોને ૭ % લેખે ડિવિડન્ડ આપવાની તેમજ સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ રૂા. ૭૫૦/- ની રકમ સુધીની મર્યાદામાં ચાંદીની મુદ્રા ભેટ આપવાની ભલામણ કરેલ છે.

❖ **સભાસદ કલ્યાણ સહાય :**

સભાસદ કલ્યાણ સહાયમાં જે સામાન્ય સભાસદે કેશ ક્રેડિટ (સીસી) ધિરાણ લીધેલ નથી અને તેમનું અવસાન તા. ૦૧-૧૦-૨૦૨૦ પછી થયેલ હોય તો તે સભાસદના નોમીની અને નોમીની ના હોય તેવા સંજોગોમાં તેમના વારસદાર ને રૂા. ૧૦,૦૦૦/- (અંકે દસ હજાર રૂપિયા પૂરા) સભાસદ કલ્યાણ સહાય તરીકે ચૂકવવામાં આવશે. જેમાં સભાસદની મૈયત (અવસાન) થયેલ તારીખથી ૬ માસ સુધીમાં સભાસદ કલ્યાણ સહાય મેળવી લેવાની રહેશે. તા. ૦૧-૧૦-૨૦૨૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધીમાં સભાસદ કલ્યાણ સહાય તરીકે ૩૨૩ અવસાન પામેલ સભાસદોને રૂા. ૩૨,૩૦,૦૦૦/- સભાસદ કલ્યાણ સહાય પેટે ચૂકવવામાં આવેલ છે. જે પૈકી વર્ષ ૨૦૨૩-૨૪માં સભાસદ કલ્યાણ સહાય તરીકે ૯૮ અવસાન પામેલ સભાસદોને રૂા. ૯,૮૦,૦૦૦/- સભાસદ કલ્યાણ સહાય પેટે ચૂકવવામાં આવેલ છે.

❖ **અકસ્માત વીમા યોજના :**

ચાલુ અને બચત ખાતામાં પ્રથમ નામ ધરાવતા ખાતેદારોનો રૂા. ૫.૦૦ લાખનો અકસ્માત મૃત્યુ તેમજ કાયમી અપંગતાનો યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપનીનો વીમો બેંક તરફથી લેવામાં આવે છે. ૨૦૨૩-૨૪ ના વર્ષ દરમ્યાન ૧૫ ખાતેદારો અકસ્માતમાં મૃત્યુ પામેલ હતા. તેઓના વારસદારોને રૂા.૭૫.૦૦ લાખના ચેક બેંક તરફથી અર્પણ કરેલ છે.

આ ઉપરાંત જીવન જ્યોતિ લાઈફ ઈન્સ્યોરન્સ વિમા યોજના હેઠળ કુલ ૮૮ પરિવારોને રકમ રૂા. ૧૭૬ લાખ પૂરાનો લાભ મળેલ છે તેમજ પ્રધાનમંત્રી જીવનસુરક્ષા યોજના હેઠળ રૂા.૨,૦૦,૦૦૦/- ના અકસ્માત વિમામાં કુલ ૮ પરિવારોને રકમ રૂા. ૧૬ લાખનો લાભ મળેલ છે.

❖ **કોર્પોરેટ ઇન્સ્યોરન્સ એજન્સી :**

આપણી બેંકે IRDA દ્વારા વિમાનો બિઝનેસ શરૂ કરવા માટે કોર્પોરેટ ઈન્સ્યોરન્સ એજન્સીનું લાયસન્સ મેળવેલ છે. આ બિઝનેશમાં જનરલ વિમાનો બિઝનેસ યુનાટેઈડ ઈન્સ્યોરન્સ કું.લિ. સાથે તથા લાઈફ ઈન્સ્યોરન્સ માટે શ્રી રામ લાઈફ ઈન્સ્યોરન્સ અને રીલાયન્સ નિપોન કંપની સાથે ટાઈઅપ કરવામાં આવેલ છે.

❖ **નફો તથા વહેંચણી :**

બેંકમાં ઈન્કમટેક્સ ચુકવ્યા પહેલાંનો નફો રૂા. ૨૩,૯૮,૯૯,૯૨૦.૧૫ હતો. જેમાંથી રૂા. ૬,૧૫,૧૯,૫૫૨-૦૦ ઈન્કમટેક્સ ચુકવ્યા બાદનો ચોખ્ખો નફો રૂા. ૧૭,૮૩,૮૦,૩૬૮-૧૫ છે. સદર ચોખ્ખા નફામાં ઈન્વેસ્ટમેન્ટ ડેપ્રીસીયેશન ફંડમાંથી રૂા. ૧,૭૧,૨૩,૨૩૦-૦૦ પ્રોફીટ એન્ડ લોસ જનરલ લેજરમાં લાવેલ જેનો સમાવેશ થઈ જાય છે. જેની વહેંચણી નીચે મુજબ કરવા બોર્ડ ડીરેક્ટર્સ ભલામણ કરેલ છે.

(૧) ૨૫ % પ્રમાણે રીઝર્વ ફંડ	૪,૪૫,૯૬,૦૦૦-૦૦
(૨) વસૂલ આવેલ શેર ભંડોળના ૨૦ % ડિવિડન્ડ	૧,૬૨,૨૧,૪૬૯-૦૦
(૩) વસૂલ આવેલ પી.એન.સી.પી.એસ. શેર ભંડોળના ૭% ડિવિડન્ડ	૧૩,૭૦,૩૬૯-૦૦
(૪) રાજ્ય સહકારી શિક્ષણ ફંડ	૩,૦૦,૦૦૦-૦૦
(૫) ૨ % ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ (વસુલ આવેલ શેર ભંડોળ)	૨૮,૯૧,૦૪૬-૦૦
(૬) બિલ્ડીંગ ફંડ ૨૫%	૪,૪૫,૯૬,૦૦૦-૦૦
(૭) ધર્માદા ફંડ ૧%	૧૭,૮૩,૮૦૩-૦૦
(૮) બેડ ડેબ્ટ ફંડ ૮ %	૧,૪૨,૭૦,૫૦૦-૦૦
(૯) ઈનવેસ્ટમેન્ટ ફલક્ચ્યુએશન ફંડ	૩,૦૦,૦૦,૦૦૦-૦૦
(૧૦) સભાસદ ભેટ ફંડ ખાતે	૫૦,૦૦,૦૦૦-૦૦
(૧૧) સાયબર સીક્યોરીટી ફંડ	૩૦,૦૦,૦૦૦-૦૦
	૧૬,૪૦,૨૯,૧૮૭-૦૦

બાકી રહેલ ચોખ્ખા નફાની ફાળવણી નીચે મુજબ કરી છે.

(૧) સભાસદ કલ્યાણ ફંડ ૧૫ %	૨૧,૫૨,૬૭૭-૦૦	
(૨) આકસ્મીક જવાબદારી ફંડ	૧,૨૧,૯૫,૦૦૦-૦૦	
(૩) વધેલ રકમ રીઝર્વ ફંડ ખાતે	૩,૫૦૪-૧૫	
	૧,૪૩,૫૧,૧૮૧-૧૫	૧,૪૩,૫૧,૧૮૧-૧૫
		૧૭,૮૩,૮૦,૩૬૮-૧૫

❖ **પ્રમાણિકતાના પુરાવા :**

બેંકના કર્મચારી શ્રી ધવલભાઈ ડી. પ્રજાપતિ તથા શ્રી મિહીરભાઈ એમ. શાહ લોકર્સ વિભાગમાં ગ્રાહકના ભુલથી રહી ગયેલા સોનાના દાગીનાઓ સુપરત કરી પ્રમાણિકતાની મિશાલ દાખવી છે.

❖ **માનવ સંશાધન વિભાગ (HRD) :**

બેંક સ્ટાફને ટ્રેનિંગ આપીને તેમના કૌશલ્યમાં વધારો થાય તેના માટે સતત પ્રયત્નશીલ છે તથા બેંકે પોતાનું એક ટ્રેનિંગ સેન્ટર પણ બનાવેલ છે. જેમાં સ્ટાફને વિવિધ પ્રકારની ટ્રેનીંગ આપવામાં આવે છે.

❖ **આભારદર્શન :**

- ❖ સભાસદો, થાપણદારો અને ગ્રાહકોનો બેંક પ્રતિ અતૂટ વિશ્વાસ અને સાથ સહકારથી જ બેંકે ઉત્તરોત્તર પ્રગતિ કરી છે. જે માટે અમો સર્વેના આભારી છીએ.
- ❖ આ તબક્કે અમો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, જિલ્લા તથા રાજ્ય સરકારના રજીસ્ટ્રારશ્રી, ગુજરાત અર્બન કો.ઓપ. બેંકર્સ ફેડરેશન, ઉત્તર ગુજરાત અર્બન બેંકર્સ ફેડરેશન, ગુજરાત રાજ્ય સહકારી બેંક, મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, અમદાવાદ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, IDBI BANK, RBL BANK, HDFC BANK, IDFC FIRST BANK, YES BANK બેંકના સ્ટેચ્યુટરી ઓડીટરશ્રીઓ, કોન્કરંટ ઓડિટરશ્રીઓ તથા એડવોકેટશ્રીઓ તેમજ વેલ્યુઅરશ્રીઓનો આભાર માનીએ છીએ.
- ❖ બેંકના જનરલ મેનેજરશ્રી, આસી. જનરલ મેનેજરશ્રી, એકાઉન્ટન્ટ, ડેવલોપમેન્ટ મેનેજરો, મેનેજરો, ઓફીસરો તેમજ અન્ય તમામ કર્મચારીગણે ખંત અને વફાદારીપૂર્વક ફરજો બજાવેલ છે, તેઓને અભિનંદન પાઠવીએ છીએ. તેઓ તેમના અનુભવનો પુરો લાભ બેંકને આપશે તેવા આશાવાદ સહ ધન્યવાદ.

અંતમાં આપણી બેન્ક એક અનુપમ સહકારી સંસ્થા બની વધુ ને વધુ પ્રગતિ કરી વિશાળ વટવૃક્ષ બને અને સૌને વધુ ને વધુ ઉપયોગી નિવડે તેવી આશા સાથે વિરમીએ છીએ. બેન્કના વિકાસમાં તથા બેન્કના હિતમાં આપના સૂચનો અને માર્ગદર્શન અત્યંત આવકાર્ય છે.

શ્રી હિરેનકુમાર વી. પટવા
વાઈસ ચેરમેનશ્રી

શ્રી જ્યેશકુમાર બી. શાહ
ચેરમેનશ્રી

તથા અન્ય બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

પેટા નિયમમાં સુધારા/વધારા

પેટા કાયદો નં.	ચાલુ પેટા કાયદો	સુધારેલો પેટા કાયદો	સુધારા/વધારા માટેના કારણો
૧	૨	૩	૪
૫ (અ)	૫(અ) શેર વેચીને એકઠું કરેલ શેર ભંડોળ રૂા. ૧૫,૦૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પંદર કરોડ થી વધારે નહી હશે. દરેક શેરની કિંમત રૂા. ૨૫/- પચ્ચીસ પુરાની રાખવામાં આવશે. સભાસદપણાની અરજી સાથે શેરની પુરેપુરી રકમ એક સામટી લેવામાં આવશે.	૫(અ) શેર વેચીને એકઠું કરેલ શેર ભંડોળ રૂા. ૫૦,૦૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ કરોડ થી વધારે નહી હશે. દરેક શેરની કિંમત રૂા. ૨૫/- પચ્ચીસ પુરાની રાખવામાં આવશે. સભાસદપણાની અરજી સાથે શેરની પુરેપુરી રકમ એક સામટી લેવામાં આવશે.	બેન્કની કેપીટલ વધારવાની જરૂરીયાતને અનુલક્ષીને
૧૫ (અ)	૧૫(અ) શેર સર્ટીફીકેટ ખોવાઈ જવાથી અગર બીજા કોઈ કારણથી ન હોવાનો કરાર લખાવી લઈને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ દર શેર દીઠ રૂા. ૫/- ફી લઈને કાઢી આપવામાં આવશે.	૧૫(અ) શેર સર્ટીફીકેટ ખોવાઈ જવાથી અગર બીજા કોઈ કારણથી મળી શકતુ ન હોય તો તે અંગે કરાર લખાવી લઈને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ દર શેર દીઠ રૂા. ૧/- ફી પરંતુ ઓછામાં ઓછી ફી રૂા. ૧૦૦/- અને વધુમાં વધુ રૂા. ૫૦૦/- ફી લઈને કાઢી આપવામાં આવશે.	વહીવટી અનુકુળતા માટે

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

ખાતેદારો માટે અગત્યની સૂચના

- આથી બેંકના માનવંતા ગ્રાહકોને જાણ કરવામાં આવે છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની KYC-AML માર્ગદર્શિકા મુજબ બેંકના ગ્રાહકોએ તેમની પ્રોફાઈલ વિગતો સમયાંતરે અપડેટ કરવાની રહે છે.
- માર્ગદર્શિકા મુજબ ગ્રાહકોએ તેમની અપડેટ પ્રોફાઈલ વિગતો / મોબાઈલ નંબર / પાનકાર્ડ / આધારકાર્ડ તાજેતરના IT RETURN - આવકની વિગતો / વ્યવસાય / ધંધો વગેરે ઉપરાંત ઓળખ-રહેઠાણના પુરાવાના દસ્તાવેજો સાથે બેંકની શાખાને રૂબરૂમાં તાત્કાલિક પૂરા પાડવા વિનંતી કરવામાં આવે છે. જેથી અવિરત સેવાઓ આપવા માટે ખાતુ સક્રિય (એક્ટીવ) રહે. મહેરબાની કરીને નોંધ લેશો કે જે ખાતાની આ વિગતો આપવાની બાકી હશે તેના ઉધાર વ્યવહારો સ્થગિત કરવામાં આવશે.
- વારસદાર (Nominee) ની વિગત આપવાની બાકી હોય અથવા કોઈ ફેરફાર કરવાના હોય તેવા ખાતેદારો / લોકર ધારકોએ રૂબરૂ બેંકમાં આવી વારસદાર નિમણુંકનું ફોર્મ જમા કરાવી જવા જણાવવામાં આવે છે.
- જે સગીર ખાતેદારો પુખ્તવયના થયા છે. તેઓએ આધારકાર્ડ અને KYC મુજબ ઓળખ અને રહેઠાણના માન્ય પુરાવાઓ સાથે રૂબરૂ બેંકમાં આવી પોતાના ખાતામાં Minor to Mojor ની પ્રોસેસ કરાવી લેવા જણાવવામાં આવે છે અન્યથા આવા ખાતાઓ Freeze કરી વ્યવહારો સ્થગિત કરી દેવામાં આવશે.
- જે ખાતેદારોએ પોતાની જન્મ તારીખની વિગત આપવાની / અપડેટ કરવાની બાકી છે તેમણે પોતાની જન્મ તારીખના પુરાવા સાથે જન્મ તારીખની વિગત અપડેટ કરાવી દેવી.
- જે ખાતેદારોએ છેલ્લા ૨ વર્ષ કે તેથી વધુ સમયથી પોતાના ખાતામાં વ્યવહારો ન કર્યા હોય તેના કારણે ખાતુ ઈનઓપરેટીવ / ડોરમેંટ (નિષ્ક્રિય) અવસ્થામાં હોય તેઓએ પણ આ સૂચનાના ૧૫ દિવસની અંદર ઉપર જણાવ્યા પ્રમાણેના પુરાવાઓ રજુ કરી રૂબરૂ બેંક શાખાની મુલાકાત લઈ ખાતુ એક્ટિવ (સક્રિય) કરાવવા તેમજ KYC/CKYC પુર્તતા કરાવવા જણાવવામાં આવે છે. નિષ્ક્રિય ખાતાઓમાં સદર પુર્તતા કર્યા વગર બેંકિંગ વ્યવહારો થઈ શકશે નહીં.
- જે લોકર ધારકોએ RBI ના નિયમ મુજબ નવો એગ્રીમેન્ટ કરેલ ન હોય તો તુરંત જ બેંકમાં આવીને નવો એગ્રીમેન્ટ કરાવી લેવો તથા જે લોકર ધારકોએ પોતાનું લોકર છેલ્લા ૧૨ માસ કે તેથી વધુ સમયથી ઓપરેટ કર્યું ન હોય તેઓએ વિના વિલંબે પોતાનું લોકર ઓપરેટ કરી જવું.
- ગ્રાહકોને વિનંતી છે કે અવિરત બેંકીંગ સેવાઓ મેળવવા માટે તેમની પ્રોફાઈલ અને KYC ની વિગતો ઉપર મુજબ અપડેટ કરાવી લેવી.
- ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટની ગાઈડલાઈન મુજબ પાનકાર્ડ, આધાર કાર્ડ સાથે લિંક ન હોય તો બેન્કના તમામ વહેવારોમાં પાનકાર્ડ નથી એવુ ગણાશે અને T.D.S. ૨૦% પ્રમાણે કપાશે.

નોંધ : આપના ATM/ Debit કાર્ડના નંબર, એક્ષપાયરી ડેટ, CVV નંબર, પીન, ઓટીપી - પીન, મોબાઈલ બેંકીંગ લોગીન યૂઝર / પાસવર્ડ વગેરે માહિતી કોઈને પણ આપશો નહીં. બેંક કે બેંકના કર્મચારી આ પ્રકારની માહિતી માંગતા નથી, જેની ખાસ નોંધ લેવી.

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

: શાખાઓ :

શહેર	શાખા	ફોન નંબર
મહેસાણા (૦૨૭૬૨)	(૧) **હે.ઓ.** સર્વોદ્ય બેન્ક રોડ, ભમરીયાનાળા પાસે	૨૫૨૨૨૪, ૨૩૧૯૬૭
	(૨) **આઝાદ ચોક :** કંસારા બજાર, આઝાદ ચોક	૨૩૭૨૪૦, ૨૩૬૪૦૮
	(૩) **ડેરી રોડ :** બી/૧,ગોવર્ધન પાર્ક સોસા.,અશોકનગર સો.પાસે,રાધનપુર રોડ	૨૩૩૬૯૪, ૨૫૨૬૯૩
	(૪) **મહાત્મા ગાંધી બાગ :** સોમનાથ ચોક, બિલાડી બાગ સામે	૨૨૦૪૧૨, ૨૨૧૧૧૧
	(૫) **નાગલપુર :** હોટલ સન સાઈન પાસે,૧લો માળ,હાઈવે	૨૫૮૨૨૩, ૨૫૮૨૨૪
	(૬) **દેદિયાસણ :** કે-૨૦૩/૦૪, જીઆઈડીસી, ફેઝ-૨	૨૨૪૦૮૧, ૨૨૪૦૮૨
અમદાવાદ (૦૭૯)	(૭) **આશ્રમ રોડ :** ધનલક્ષ્મી ચેમ્બર્સ, ડી અને ઈ ભોંય તળીયે ગુજરાત વિદ્યાપીઠની બાજુમાં, ઈન્કમટેક્ષ ચાર રસ્તા	૨૭૫૪૫૪૩૫ ૨૭૫૪૦૨૦૦
	(૮) **પાલડી :** જીએફ-૧, વ્રજ પ્લાઝા, ઓનેસ્ટ રેસ્ટોરન્ટ સામે, ભદ્રા ચાર રસ્તા	૨૬૬૧૨૪૩૮, ૨૬૬૧૨૮૧૫
	(૯) **સાબરમતી :** ૨૨, સર્વોદ્ય ભવન, ચિંતામણી પાર્શ્વનાથ મોટા દેરાસરની સામે, રામ નગર,	૨૭૫૭૦૮૬૪ ૨૭૫૭૦૮૬૫
	(૧૦) **પ્રહલાદનગર :**૬,૭, રીવેરા આર્કેડ, પ્રહલાદનગર ચાર રસ્તા, ૧૦૦ ફૂટ આનંદનગર રોડ,	૨૬૯૩૬૧૨૨
ડીસા (૦૨૭૪૪)	(૧૧) **ડીસા:** કરિયાણા મર્ચન્ટ એસો. હોલ, ગાંધી ચોક, કુવારા સામે, કરિયાણા બજાર	૨૨૩૫૦૦ ૨૨૩૯૫૦
ધાનેરા (૦૨૭૪૮)	(૧૨) **ધાનેરા :** દુકાન નં. ૧ થી ૭ આશાપુરા કોમ્પલેક્ષ શાક માર્કેટની સામે, ગંજબજાર રોડ	૨૨૨૩૧૧
પાટણ(૦૨૭૬૬)	(૧૩) **પાટણ :** ૬,૭-કે, શ્યામ એવન્યુ, પ્રથમ માળે, રેલ્વે નાળાની બાજુમાં	૨૨૦૧૯૧, ૨૨૦૪૯૧
બેચરાજી(૦૨૭૩૪)	(૧૪) **બેચરાજી :** પ્લોટ નં. ૭, પનામાનગર, શંખલપુર રોડ	૨૮૯૫૭૦
પાલનપુર(૦૨૭૪૨)	(૧૫) **પાલનપુર :** ગ્રાઉન્ડ ફ્લોર, ગુરૂ આશીર્વાદ કોમ્પ્લેક્ષ, તિરૂપતિ પ્લાઝાની પાસે, કોલેજ રોડ,	૨૫૭૭૦૦
વિસનગર(૦૨૭૬૫)	(૧૬) **વિસનગર :** ૨૧/૧, ગંજબજાર, વિસનગર	૨૨૩૯૫૦
સુરત (૦૨૬૧)	(૧૭) **સુરત :** જી-૨, ગ્રાઉન્ડ ફ્લોર, લીજેન્ડ ટેક્ષટાઈલ માર્કેટ, જશ માર્કેટની સામે, કમેલા દરવાજા, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨	૨૩૪૪૧૮૧

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

KNOW YOUR BANK

Bank Name	:	**Sarvodaya Commercial Co. Op. Bank Ltd.,MEHSANA**
Bank Code	:	851
RBI Licence No.	:	UBD GJ 800P 23-12-1986
Regi. No.	:	1579 Dt. 10-4-1974
PAN	:	AAAAS2666R
TAN No.	:	AHMS10448E
GST IN No.	:	24AAAAS2666R1ZZ
OSS Code & BSR Code	:	08664901
DICGC Code No.	:	G 193
IFSC CODE No.	:	IBKL0443SCC
Founder Chairman	:	Shri Motilal N. Maniyar
Chairman	:	Shri Jayeshkumar B. Shah
Vice-Chairman	:	Shri Hirenkumar V. Patwa
General Manager	:	Shri Vinodkumar S. Shah
Phone No.	:	02762-233261
Fax	:	02762-233261
Email	:	info@sccbank.in
Website	:	www.sccbank.in
Branch	:	17 + 1
ATM	:	All Banks' ATM in INDIA (Tie-up with IDBI Bank Ltd.)
Registered Office	:	Sarvodaya Bank Road, Nr. Bhamariya Nala, Mehsana-384002
Admin Office	:	Sarvodaya Bank Road, Nr. Bhamariya Nala, Mehsana-384002

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

ડિપોઝીટરો માટે TDS અંગે જાણકારી / નોટીસ

૨૦૧૮-૧૯ ના વર્ષ માટેના બજેટમાં રજુ થયેલ દરખાસ્ત મુજબ સહકારી બેંકોના સભાસદોને ડિપોઝીટ પરના વ્યાજના **TDS** માંથી મુક્તિ હતી. જે તા. ૦૧-૦૬-૨૦૧૫ થી રદ કરવામાં આવેલ છે. તેથી હવે સહકારી બેંકના સભાસદની ડિપોઝીટના વ્યાજમાંથી પણ **TDS** કપાત કરવામાં આવશે તેની તમામ ડિપોઝીટરોએ નોંધ લેવી.

બેંક TDS ક્યારે કાપશે ?

જો ડિપોઝીટરનું બેંકની તમામ શાખામાં રહેલ ડિપોઝીટનું કુલ વાર્ષિક વ્યાજ જે - તે નાણાંકીય વર્ષમાં રૂા. ૪૦,૦૦૦/- કે તેથી વધારે થાય તો પાનકાર્ડ ધરાવનારનો ૧૦ % અને પાનકાર્ડ ન ધરાવનારને ૨૦ % ના દરે **TDS** કાપવાનો રહેશે. તથા જો પાનકાર્ડ સાથે આધાર કાર્ડ લિંક થયેલ ન હોય તો તે પાનકાર્ડ ઈનઓપરેટીવ ગણાશે અને વ્યાજની આવક પર ૨૦% **TDS** કપાશે.

પરંતુ પાનકાર્ડ ઓપરેટીવ હશે તો કરપાત્ર આવકની મર્યાદાથી વધુ આવક ન હોય તેવા કરદાતાઓ ફોર્મ **15-G** / **15-H** રજુ કરશે તો આયકર ધારાના નિયમોને આધિન **TDS** કપાત કરવામાં આવશે નહીં.

ફોર્મ 15-G અને 15-H અંગે જાણકારી

૧. ફોર્મ 15-G કોણ આપી શકે ?	વ્યક્તિ, એચયુએફ, એસોસીએશન ઓફ પર્સન (એ.ઓ.પી.) બોડી ઓફ ઈન્ડીવિડ્યુઅલ્સ (બી.ઓ.આઈ.)
૨. ફોર્મ 15-H કોણ આપી શકે ?	સીનીયર સીટીઝન વ્યક્તિ (આવકવેરાના કાયદા પ્રમાણે જે વ્યક્તિની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ હોય તે વ્યક્તિ)
૩. PAN કાર્ડ ન હોય તો 15-G કે 15-H આપી શકાય?	ના, ફોર્મ 15-G કે 15-H માટે PAN કાર્ડ ફરજીયાત છે.
૪. ફોર્મ 15-G કે 15-H ક્યારે આપવાનું થાય ?	જ્યારે વ્યાજની રકમ રૂા. ૪૦,૦૦૦ અથવા સીનીયર સીટીઝનને ૫૦,૦૦૦ થી વધુ થઈ જાય અને કપાત કરવાનો થાય તે તારીખ પહેલા અથવા નાણાંકીય વર્ષની શરૂઆતમાં અથવા ડીપોઝીટમાં રોકાણ કરતી વખતે 15-G અથવા 15-H આપવાનું રહેશે.
૫. જો દર મહિને કે ત્રિમાસિક ધોરણે વ્યાજની ચુકવણી થતી હોય અથવા જમા કરવામાં આવતું હોય તો દર વખતે ફોર્મ 15-G કે 15-H આપવું જરૂરી છે ?	ફોર્મ 15-G કે 15-H એક નાણાંકીય વર્ષ માટે આપવાનું હોય એટલે કે એક નાણાંકીય વર્ષમાં એક જ વખત આપવાનું હોય છે. દર મહિને કે દર ક્વાર્ટરમાં જરૂરી નથી. જો ડિપોઝીટ એક વર્ષથી વધુ મુદત માટે હોય તો નવાં નાણાંકીય વર્ષ માટે ફરીથી આપવાનું રહેશે.
૬. 15-G અથવા 15-H ના ફોર્મ કેટલી નકલમાં આપવાનાં છે ?	15-G અથવા 15-H બે નકલમાં બેંકમાં આપવાના રહેશે. સાથે PAN કાર્ડ ની નકલ આપવી ફરજીયાત છે.
૭. ફોર્મ નં. 15-G અથવા 15-H આપવા માટે કુલ આવક અંગેની કોઈ મર્યાદા લાગુ પડશે કે નહીં ?	જે વ્યક્તિ-કરદાતાની આવક પ્રવર્તમાન જોગવાઈ પ્રમાણે કરપાત્ર ન થતી હોય તે વ્યક્તિ-કરદાતાના ફોર્મ નં 15-G અથવા 15-H આપી શકે છે. આવકની મર્યાદા સામાન્ય વ્યક્તિ ૨,૫૦,૦૦૦ સુધી સીનીયર સિટીજન ૩,૦૦,૦૦૦ સુધી (ઉંમર ૬૦ વર્ષ કે તેથી ઉપર)

નોંધ : બેંક તરફથી ટીડીએસ કપાત કર્યા બાદ ફેરફાર થઇ શકશે નહીં. જેની નોંધ લેશો.

નોંધ : બેંકના ખાતામાં રૂા. ૫૦,૦૦૦/- કરતાં વધુ રકમની રોકડમાં ડીપોઝીટ કરતી વખતે PAN કાર્ડની નકલ આપવી.

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

બેન્કના કામકાજ અંગેની અગત્યની માહિતી

(રકમ રૂ. લાખમાં)

અ.નં.	વિગત	માહિતી	31-3-2023	31-3-2024
૧	કેપીટલ રીસ્ક એડીક્વસી રેશીયો (CRAR)	નિયમ અનુસાર જરૂરી	૯%	૧૦%
		બેન્કે જાળવેલ	૧૮.૧૮%	૧૯.૩૦%
૨	ગવર્નમેન્ટ સિક્યોરીટીના રોકાણો	બુક વેલ્યુ	૪૧૨૦૩.૮૪	૩૯૬૮૪.૫૭
		ફેસ વેલ્યુ	૪૧૫૦૦.૦૦	૪૦૦૦૦.૦૦
		માર્કેટ વેલ્યુ	૪૦૦૮૦.૯૪	૩૯૦૯૨.૧૩
૩	ઈન્વેસ્ટમેન્ટ ફ્લક્ચ્યુએશન રીઝર્વ		૧૨૬૫.૪૪	૧૫૬૫.૪૪
૪.	ઈન્વેસ્ટમેન્ટ ડેપ્રીસીએશન રીઝર્વ(ગર્વ. સિક્યોરીટી)		૪૨૪.૬૭	૨૫૩.૪૪
૫.	બિલ્ડર તથા કોન્ટ્રાક્ટરને ધિરાણ		૮૯૧૨.૨૮	૯૯૦૦.૬૪
૬.	શેર, ડિબેન્ચર સામે ધિરાણ		૦.૬૭	૦.૫૫
૭.	બેન્કના ડિરેક્ટરોને કરેલ ધિરાણ		૪૯૧.૯૦	૬૫૨.૭૮
	કુલ ધિરાણની ટકાવારી		૦.૭૩%	૦.૮૯%
૮.	હાઉસીંગ ધિરાણ		૫૧૧૬.૫૧	૭૦૯૩.૬૦
૯.	ડિપોઝીટની પડતર		૫.૭૨%	૫.૪૬%
૧૦.	નોન પરફોર્મીંગ એસેટ્સ	ગ્રોસ એન.પી.એ.	૨૫૦૦.૩૨	૭૧૧.૦૯
	(એન.પી.એ.)	નેટ એન.પી.એ.	૦.૦૦	૦.૦૦
		નેટ એન.પી.એ.ની ટકાવારી	૦%	૦%
		કુલ પ્રોવિઝન	૨૫૫૪.૭૬	૨૮૦૪.૭૬
		જરૂરી પ્રોવિઝન	૫૫૬.૦૯	૧૭૫.૯૭
		વધારાનું પ્રોવિઝન	૧૯૯૮.૬૭	૨૬૨૮.૭૯
૧૧.	વર્કિંગ કેપીટલ		૧૨૬૫૮૦.૫૪	૧૩૮૭૫૪.૦૧
૧૨.	વર્કિંગ કેપીટલની સામે વ્યાજની ટકાવારી		૭.૮૭%	૭.૬૩%
૧૩.	કુલ ધિરાણની સામે વ્યાજની આવકની ટકાવારી		૯.૯૮%	૯.૨૪%
૧૪.	વર્કિંગ કેપીટલની સામે ઓપરેટીંગ પ્રોફીટની ટકાવારી		૧.૮૧%	૧.૮૧%
૧૫.	કુલ એસેટ્સ સામે વળતરની ટકાવારી		૧.૦૨%	૧.૧૬%
૧૬.	પ્રતિ કર્મચારી કામકાજનું ભારણ (એડવાન્સ + ડિપોઝીટ)		૧૦૨૩.૪૨	૧૧૧૧.૧૦
૧૭.	પ્રતિ કર્મચારી નેટ નફો		૭.૪૯	૯.૩૨
૧૮.	સ્ટાન્ડર્ડ એસેટ્સ સામે કરેલ જોગવાઈ		૩૨૬.૯૬	૩૫૬.૯૬
૧૯.	ડિપોઝીટ ઈન્સ્યોરન્સ માટે ચૂકવેલ પ્રીમીયમની		૨૦-૦૪-૨૦૨૨	૧૮-૦૪-૨૦૨૩
	તારીખ અને રકમ		૭૩.૫૬	૭૭.૧૫
			૧૪-૧૦-૨૦૨૨	૧૬-૧૦-૨૦૨૩
			૭૪.૪૭	૭૯.૫૧
૨૦.	ટોટલ ઈન્કમ સામે નોન ઈન્ટરેસ્ટ આવકની ટકાવારી		૨.૫૭%	૩.૨૩%
૨૧.	ટોટલ વર્કિંગ સામે નોન ઈન્ટરેસ્ટ આવકની ટકાવારી		૦.૨૧%	૦.૨૫%

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

Independent Auditor's Report

To,
The Members,
Sarvodaya Commercial Co-Operative Bank Ltd.,
Mehsana

Report on the Financial Statements

We have audited the accompanying financial statements of The Sarvodaya Commercial Co-Operative Bank Ltd. as at 31 March 2024, which comprise the Balance Sheet as at 31st March 2024, the Profit and Loss Account, the Cash Flow Statement for the year then ended and a summary of significant accounting policies and other explanatory information. There are returns of 17 (seventeen) branches including H.O. audited by us which are incorporated in these financial statements.

Management's Responsibility for the Financial Statements

1. Management is responsible for the preparation of these financial statements that give a true and fair view of the financial position, financial performance, and cash flows of the Banking accordance with provisions of the Banking Regulations Act, 1949. The guidelines issued by the Reserve Bank of India and accounting principles generally accepted in India so far as applicable to Banks. This responsibility includes the design, implementation, and maintenance of internal controls relevant to the preparation and presentation of the financial statements that are free from material misstatement, whether due to fraud or error.

Auditor's Responsibility

2. Our responsibility is to express an opinion on these financial statements based on our audit. We conducted our audit in accordance with Standards on Auditing issued by The Institute of Chartered Accountants of India. Those Standards require that we comply with ethical requirements and plan and perform the audit to obtain reasonable assurance about whether the financial statements are free from material misstatements.
3. An audit involves performing procedures to obtain audit evidence about the amounts and disclosures in the financial statements. The procedures selected depend on the auditor's judgment, including the assessment of the risks of material misstatement of the financial statements, whether due to fraud or error. In making those risk assessments, the auditor considers internal control relevant to the Bank's preparation and fair presentation of the financial statements in order to design audit procedures that are appropriate in the circumstances, but not for the purpose of expressing an opinion on effectiveness of the Bank's internal control. An audit also includes evaluating the appropriateness of accounting policies used and the reasonableness of the accounting estimates made by management, as well as evaluating the overall presentation of the financialstatements.
4. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our audit opinion.

Opinion

5. In our opinion and to the best of our information and according to the explanations given to us, the aforesaid financial statements together with the notes here on give the information required by The Banking Regulation Act, 1949 and guidelines issued by Reserve Bank of India and the Central Registrar of Cooperative Societies in the manner so required and give a true and fair view in conformity with the accounting principles generally accepted in India.

a. In case of the Balance Sheet, of state of affairs of the Bank as on 31st March 2024.

b. In case of the Profit and Loss Account, of the profit for the year ended on that date; and

c. In case of the Cash Flow Statement, of the cash flows for the year ended on that date.

Information other than financial statement and Audit Report thereon,The bank's board of directors is responsible for the information. The other information comprised the information included in the report of board of directors including explanatory information and explanation but does not include the financial statement and our auditor's report thereon.

In connection with our audit, we have read the other information as part of audited financial statement. The information if any material misstatement if any in reference to financial statement. We need to report thereon. We have nothing to report in this regard.

Report on Other Legal & Regulatory Requirements

6. The Balance Sheet and the Profit and Loss Account have been drawn up in Forms "A" and "B" respectively of the Third Schedule to the Banking Regulation Act, 1949.

7. Subject to the limitation of audit as indicated in paragraph 2 to 4 above, we report that:

   a) We have obtained all the information and explanations, which to the best of our knowledge and belief were necessary for the purpose of our audit and have found to be satisfactory.

   b) In our opinion, proper books of account required by law have been kept by the Bank so far as it appears from our examination of those books and proper returns adequate for the purposes of our audit have been received from the branches/offices.

   c) The transactions of the Bank which came to our notice have been within the powers of the Bank.

   d) The Balance Sheet and the Profit and Loss Account dealt with by this report, are in agreement with the books of account and the return.

   e) The reports of concurrent auditors of the branches/ Head offices have been relied upon while framing our opinion of the bank.

   f) The accounting standards adopted by the Bank are consistent with those laid down by accounting principles generally accepted in India so far as applicable to Banks.

   g) In our opinion and according to information and explanations given to us, we have not noticed any material impropriety or irregularity in the expenditure or in the realization of money due to the bank.

CA Arpan A. Yagnik
(Partner)
M.No.: 124129
UDIN: 24124129BKDALX5525
RBI UNIQUE CODE NO :783489

For
Ashvin K. Yagnik & Co.,
Chartered Accountants
FRN:100710W

Place: Mehsana
Date : 18-06-2024

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

Balance Sheet as on 31st March, 2024

As on 31-03-2023	CAPITAL & LIABILITIES ભંડોળ તથા દેવું	As on 31-03-2024	As on 31-03-2024
	(1) SHARE CAPITAL - શેર ભંડોળ :		
15,00,00,000-00	(1) Authorized Shares Capital 60,00,000 Shares of Rs. 25/- each. અધિકૃત શેરભંડોળ ૬૦,૦૦,૦૦૦ શેર પ્રત્યેક રૂા. ૨૫-૦૦ ના।		15,00,00,000-00
7,34,18,675-00	(2) Issued and Paid up Capital 49,97,355 Shares of Rs. 25/- each-Individual ભરપાઇ થયેલ અને વસુલ આવેલ ૪૯,૯૭,૩૫૫ શેર પ્રત્યેક રૂા. ૨૫-૦૦નો એક પૈકી-વ્યક્તિઓના। (P.Y. 29,36,747 Shares of Rs. 25 each) (ગઈ સાલ-૨૯,૩૬,૭૪૭ દરેક રૂા.૨૫/-નો)		12,49,33,875-00
5,00,00,000-00	(3) Parpetual Non Cumulative Preference Shares પરપેચ્યુલ નોન ક્યુમ્યુલેટીવ પ્રેફરન્સ શેર Authorized Shares Capital 20,00,000 Share of Rs. 25/ each. અધિકૃત શેર ભંડોળ ૨૦,૦૦,૦૦૦ શેર પ્રત્યેક રૂા. ૨૫-૦૦નો		5,00,00,000-00
1,95,47,575-00	(4) Issued and Paid Up Capital 7,84,737 Shares of Rs. 25/- each-Individual ભરપાઇ થયેલ અને વસુલ આવેલ શેર ભંડોળ ૭,૮૪,૭૩૭ શેર પ્રત્યેક રૂા. ૨૫-૦૦નો એક પૈકી-વ્યકિતઓના। (P.Y. 7,81,903 Shares of Rs. 25 each) (ગઈ સાલ-૭,૮૧,૯૦૩ દરેક રૂા.૨૫/-નો)		1,96,18,425-00
1,42,71,66,317-00	(2) RESERVE & OTHER FUNDS : રીઝર્વ ફંડ તથા અન્ય ફંડ :		1,58,75,97,965-94
48,41,07,572-61	(1) Statutory Reserve સ્ટેચ્યુટરી રીઝર્વ	52,69,36,442-99	
29,37,87,044-00	(2) Building Fund બિલ્ડીંગ ફંડ	33,66,07,044-00	
2,38,41,180-97	(3) Dividend Equalization Fund ડિવિડન્ડ ઈકવીલાઈઝેશન ફંડ	2,57,01,180-97	
16,11,31,166-47	(4) Bad & Doubtful Debt Reserve ડૂબત અને શકમંદ લ્હેણાં સામે રીઝર્વ	18,61,31,166-47	
14,41,40,091-00	(5) Bad & Doubtful Debt Reserve (67 K) ડૂબત અને શકમંદ લ્હેણાં સામે રીઝર્વ (૬૭ ક)	15,78,41,391-00	
1,67,35,000-00	(6) Special Reserve Fund સ્પેશ્યલ રીઝર્વ ફંડ	2,01,35,000-00	
44,17,539-00	(7) Sahkar Prachar Fund સહકાર પ્રચાર ફંડ	44,17,539-00	
35,42,969-00	(8) Dharmada Fund ધર્માદા ફંડ	35,59,622-00	
13,75,000-00	(9) Janhit Welfare Fund જનહીત કલ્યાણ ફંડ	13,75,000-00	
1,22,60,43,813-05	બાકી આગળ લઈ ગયા....		1,73,21,50,265-94

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

Balance Sheet as on 31st March, 2024

As on 31-03-2023	ASSETS મિલ્કત અને લ્હેણું	As on 31-03-2024	As on 31-03-2024
21,28,37,077-35	(1) CASH ON HAND AND BALANCE WITH RESERVE BANK : (As per Schedule-2) રોકડ તથા રિઝર્વ બેન્કમાં બેલેન્સ (પરિશિષ્ટ-૨ મુજબ)		21,62,99,161-35
47,21,49,815-80	(2) BALANCE WITH OTHER BANK : (As per Schedule-3) અન્ય બેન્કોમાં સિલક (પરિશિષ્ટ-૩ મુજબ)		54,15,16,365-78
0-00	(3) MONEY AT CALL AND SHORT NOTICE ટૂંકી મુદત અને કોલ રકમ		0-00
5,02,37,12,504-00	(4) INVESTMENT - રોકાણો		5,57,02,56,018-00
4,12,03,84,029-00	(1) In Central and State Govt. Security મધ્યસ્થ અને રાજય સરકારની જામીનગીરીઓ	3,96,84,57,098-00	
	Purchase Price 3968457098 (P.Y. 4120384029) ખરીદ કિંમત ૩,૯૬,૮૪,૫૭,૦૯૮ (અગાઉના વર્ષમાં- ૪,૧૨,૦૩,૮૪,૦૨૯)		
	Face Value 4000000000 (P.Y. 4150000000) દાર્શનિક કિંમત ૪,૦૦,૦૦,૦૦,૦૦૦ (અગાઉના વર્ષમાં- ૪,૧૫,૦૦,૦૦,૦૦૦)		
	Market Price 3909213300(P.Y. 4008094250) બજાર કિંમત ૩,૯૦,૯૨,૧૩,૩૦૦ (અગાઉના વર્ષમાં- ૪,૦૦,૮૦,૯૪,૨૫૦)		
0-00	(2) Other Approved Securities અન્ય જામીનગીરીઓમાં	0-00	
81,42,85,375-00	(3) Other Investment in Fixed Deposit - અન્ય રોકાણો (As per Schedule - 5) (પરિશિષ્ટ-૫ મુજબ)	1,59,27,55,820-00	
8,90,43,100-00	(4) Non SLR Investment in Bond/Share/Mutual Fund (As per Schedule - 6) (પરિશિષ્ટ-૬ મુજબ)	90,43,100-00	
6,76,24,14,174-67	(5) ADVANCES - ધિરાણ		7,35,55,73,535-35
	(1) Short Term Loan ટૂંકી મુદતની લોન		
1,20,39,05,350-58	Against Tangible / Approved Security વાસ્તવિક જામીનગીરીઓના તારણ સામે	1,17,77,06,629-71	
83,20,893-43	Unsecured Loan જામીનગીરીઓના તારણ વગરના	6,18,32,623-12	
	P.Y. 7,22,52,076-69 Overdue Amount C.Y. 4,81,46,860-69 અગાઉના વર્ષમાં ૭,૨૨,૫૨,૦૭૬-૬૯ મુદતવિતિ રકમ ચાલુ વર્ષમાં ૪,૮૧,૪૬,૮૬૦-૬૯		
6,92,09,25,641-16	**બાકી આગળ લઈ ગયા....**		13,68,36,45,080.48

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

Balance Sheet as on 31st March, 2024

As on 31-03-2023	CAPITAL & LIABILITIES ભંડોળ તથા દેવું	As on 31-03-2024	As on 31-03-2024
1,22,60,43,813-05	**બાકી આગળ લાવ્યા**		1,73,21,50,265-94
1,77,67,017-49	(10) Casual Liability Fund આકસ્મિક ફંડ	3,15,25,822-56	
3,33,87,722-00	(11) Revaluation Reserve Fund રીવેલ્યુએશન રીઝર્વ	3,17,18,335-00	
82,31,757-50	(12) Share Holder's Benefit Fund સભાસદ કલ્યાણ ફંડ	96,46,282-50	
12,65,44,043-00	(13) Investment Fluctuation Reserve ઈન્વેસ્ટમેટ ફલ્કચ્યુએશન રીઝર્વ	15,65,44,043-00	
4,24,67,157-00	(14) Investment Depreciation Reserve ઈન્વેસ્ટમેન્ટ ડેપ્રીસીયેશન રીઝર્વ	2,53,43,927-00	
12,56,504-45	(15) Staff Welfare Fund સ્ટાફ વેલફેર ફંડ	12,56,504-45	
7,16,780-51	(16) Provision for Debit Balance in Demat Saving Account પ્રોવિઝન ફોર ડેબીટ બેલેન્સ ઈન ડીમેટ સેવિંગ્સ	0-00	
3,26,95,934-00	(17) Provision for Standard Assets પ્રોવિઝન ફોર સ્ટાન્ડર્ડ એસેટ	3,56,95,934-00	
20,00,000-00	18) Cyber Security Fund સાઈબર સીક્યુરીટી ફંડ	70,00,000-00	
48,95,145-00	(19) Provision for Fraud Case પ્રોવિઝન ફોર ફ્રોડ કેસ	48,95,145-00	
1,86,24,693-00	(20) Share holder Gift Fund સભાસદ ભેટ ફંડ	1,51,40,586-00	
3,81,000-00	(21) Provision for Reconciliation પ્રોવિઝન ફોર રીકન્સીલેસન	3,81,000-00	
2,25,000-00	(22) Provision for Shares પ્રોવિઝન ફોર શેર્સ	0-00	
48,96,000-00	(23) Deffered Tax Provision ડીફર્ડ ટેક્ષ પ્રોવિઝન	57,46,000-00	
10,84,04,69,276-75	(3) DEPOSIT & OTHER ACCOUNTS થાપણો અને અન્ય ખાતા		11,86,64,02,519-67
	(A) FIXED DEPOSIT મુદતી થાપણો		
7,64,36,35,637-25	(a) Individuals - વ્યક્તિઓ	8,67,54,72,662-48	
4,23,85,406-00	(b) Other Societies - અન્ય મંડળીઓ	2,14,99,875-00	
	(B) SAVINGS BANK DEPOSIT બચત થાપણો		
2,46,40,77,605-67	(a) Individuals - વ્યક્તિઓ	2,51,58,15,981-38	
37,37,298-73	(b) Other Societies - અન્ય મંડળીઓ	35,14,756-80	
11,67,39,68,514-65	**બાકી આગળ લઈ ગયા....**		13,59,85,52,785-61

સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણા

Balance Sheet as on 31st March, 2024

As on 31-03-2023	ASSETS મિલ્કત અને લ્હેણું	As on 31-03-2024	As on 31-03-2024
6,92,09,25,641-16	**બાકી આગળ લાવ્યા**		13,68,36,45,080.48
	(2) Medium Term Loan મધ્યમ મુદતની લોન		
66,29,64,183-18	(a) Against Tangible/Approved Security વાસ્તવિક જામીનગીરીઓના તારણ સામે	1,17,08,39,711-31	
